## Court Judgement

CRMA J/ /2024

અરજદારની BNSS ૪૯૭ અને ૫૦૩ મુજબની અરજી લગત હુકમ

---

(૧) અરજદારશ્રી **PANELIYA JAYDEEP PRAVINBHAI** ની હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિધ્વાન એ.પી.પી.શ્રી ને સાંભળ્યા. રજુ દસ્તાવેજો ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

હાલના અરજદારે તેઓની અરજીમાં રજુઆત કરેલ છે કે, તેઓ અરજી માં જણાવ્યા મુજબના સરનામે હાલમાં રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઇમનો બનાવ બનેલ જે બનાવમાં તેઓના (1) HDFC Bank ના ખાતા નંબર 50100398468050 માંથી રૂ. 40000/- ઉપડી ગયેલ હતા. જે બાબતે તેઓએ સાયબર ક્રાઈમ હેલ્પ લાઈન નંબર 1930/100 ઉપર કોલ કરીને ફરીયાદ નોંધાવેલ હતી. જે ફરીયાદ તારીખ 21/10/2024 ના રોજ ટિકિટ નંબર 31110240165811 થી નોંધાયેલ હતી. જે સબબ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા તેઓના ગયેલ નાણાં પૈકી સામાવાળાના

| અ.નં | બેંકનું નામ | ખાતા નંબર | ફ્રિઝ રકમ |
|---|---|---|---|
| 1 | Bank of Baroda | 09020200001357 | **40000** |

માં રૂ. **40000/-** રૂપીયા બી.એન.એસ.એસ.ની કલમ ૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા જે હાલ સુધી સદર બેન્કમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં જણાવેલ છે કે, આ બાબતે એફ.આઇ.આર. થયેલ નથી. તેઓને ખુબજ મોટુ આર્થિક નુકશાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રૂપીયાની જરૂર હોય સદર નાણાં તેઓના ખાતામાં પરત અપાવવા માટે BNSS ૪૯૭ અને ૫૦૩ મજુબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

(૨) અરજદારની અરજી સબબ તપાસ કરનાર અમલદાર એટલે કે પોલીસ અધિક્ષક, સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ, સીઆઇડી ક્રાઇમ, ગાંધીનગરનાઓને સદર ગુના બાબતે તમામ પેપર સહીત સ્પષ્ટ અભિપ્રાય રજુ કરવા હુકમ કરવામાં આવેલ.

જે અન્વયે પોલીસ ઇન્સપેક્ટર કતારગામ પોલીસ સ્ટેશન સુરત શહેર નાઓએ તેઓનો અભિપ્રાય રજુ કરેલ છે. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તથા લગત કાગળો ધ્યાને લેતા તેઓએ જણાવેલ છે કે, સાયબર ક્રાઇમનો ભોગ બનનાર નાણાં જ્યારે ઓનલાઇન ટ્રાન્સફર થઇ જતા હોય છે ત્યારે આવા નાણાને તાત્કાલીક રોકવા તથા ગુના અટકાવવા માટે ભારત સરકાર દ્વારા નેશનલ સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ પોર્ટલ હેઠળ હેલ્પ લાઈન સામાન્ય નાગરીકો માટે શરૂ કરવામાં આવેલ છે. જે હાલ સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ, સીઆઇડી ક્રાઇમ હસ્તક ચાલુ છે અને તેઓ નાયબ પોલીસ અધિક્ષક તરીકે આ સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ ખાતે ફરજ બજાવે છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સાયબર ક્રાઇમ ઇન્સિડન્ટ રીસ્પોન્સ યુનિટમાં સાયબર ક્રાઇમ નો ભોગ બનનાર નાણાં જ્યારે ઓનલાઇન ટ્રાન્સફર થઇ જતા હોય છે તેને તાત્કાલીક રોકવાની કામગીરી કરવામાં આવે છે. સાયબર ક્રાઇમનો ભોગ બનનાર નાગરીકો સીધી જ પોતાની ફરીયાદ હેલ્પ લાઈન નંબર ૧૦૦/૧૯૩૦ પર ડાયલ કરીને લખાવે છે ત્યારે ઇન્સીડન્ટ રીસ્પોન્સ યુનિટ દ્વારા એક ટીકીટ નંબર આપવામાં આવે છે તેમજ સાથોસાથ જે શંકાસ્પદ બેન્ક ખાતામાં જે-તે નાગરીકના નાણાં ગયેલ હોય તે બેન્ક ને નાણાં ફ્રીઝ કરાવવા તેમજ જો નાણાં ત્યાંથી ટ્રાન્સફર થઇ ગયેલ હોય તો તેની માહીતી આપવા માટે તેઓની કચેરીએથી બી.એન.એસ.એસ.ની કલમ ૯૪ તથા ૧૦૬ હેઠળ નોટીસ આપવામાં આવે છે. નોટીસ આધારે બેન્કો દ્વારા આ શંકાસ્પદ રીતે મેળવાયેલા નાણાં ફ્રીઝ કરવામાં આવે છે.

વધુમાં અરજદારની અરજીની હકિકતો જણાવી વાદગ્રસ્ત બી.એન.એસ.એસ.ની કલમ ૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ છે. જે નાણાં પાછા ખેંચવા માટે અરજદારશ્રીએ આપ નામદાર સાહેબની કોર્ટમાં અરજી કરેલ હોય અને તે સારૂ તેઓનો અભિપ્રાય માંગેલ છે. જે બાબતે તેઓએ જણાવેલ છે કે, જે ખાતા માં રૂપીયા ફ્રીઝ થયેલ છે જે સદર બેન્ક ખાતા બનાવટી હોવાનું જણાઇ આવેલ છે તથા સદરહૂ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઇ વ્યક્તિએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઇ વાંધા તકરાર લીધેલ નથી જેથી તે રૂપીયા અરજદારશ્રી ને પાછા આપવા તેઓનો અભિપ્રાય થાય છે.

(3) સદર કામે અરજી સાથે રજુ કરવામાં આવેલ બેન્ક પેપર્સની નકલ ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ અભિપ્રાય તથા તેને લગત કાગળો ધ્યાને લેતા ફરીયાદીના ખાતામાંથી નાણાં ઉપડી ગયેલ હોવાનુ તથા શંકાસ્પદ બેન્કના ખાતામાં ટ્રાન્સફર થયાનુ હાલના તબક્કે સ્પષ્ટ જણાઇ આવે છે. તદુપરાંત રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતા હાલના કામે આજદીન સુધી કોઇ એફઆઇઆર થયેલ હોય કે હાલના કામે કોઇની ધરપકડ કરવામાં

Scanned with OKEN Scanner

આવેલ હોય તેમ જણાઇ આવતુ નથી. તેમજ બનાવ બન્યે આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતા આજદીન સુધી અરજદાર સિવાય અન્ય કોઇએ સદર નાણાંની અત્રેની અદાલત સમક્ષ માંગણી કરતી કોઇ અરજી કરેલ નથી: તદુપરાંત તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય ધ્યાને લેતાં તેઓ સમક્ષ પણ કોઇએ આ નાણાંની માંગણી કરેલ હોય તેમ જણાતુ નથી. તેમજ તપાસ કરનાર અમલદાર દ્વારા સદર બેન્ક ખાતા બનાવટી હોવાનું જણાવેલું છે તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઇ વ્યક્તિએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઇ વાંધા તકરાર લીધેલ નથી. જેથી તપાસ કરનાર અમલદાર દ્વારા સદર નાણાં અરજદારશ્રીને પાછા આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જેથી અત્રેની અદાલતના માનવા મુજબ હાલના અરજદાર સદર નાણાંનો કબ્જો મેળવવા હક્કદાર હોવાનુ જણાય છે.

(૪) આ તબક્કે સદર નાણા પરત આપવા બાબતે અત્રેની અદાલતની સત્તા હકુમત જોતા BNSS કલમ ૫૦૩ માં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

**BNSS કલમ ૫૦૩**

કોઇ પોલીસ અધિકારીએ મિલકત કબ્જે લીધાનો આ અધિનિયમની જોગવાઇ હેઠળ મેજિસ્ટ્રેટને રિપોર્ટ કરવામાં આવે અને તપાસ કે ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન ફોજદારી ન્યાયાલય સમક્ષ તે મિલકત રજુ ન કરવામાં આવે ત્યારે, મિલકતના નિકાલ સંબંધી અથવા તેનો કબ્જો ધરાવવા હકદાર વ્યક્તિને તે મિલકત સોંપી દેવા સંબંધી અથવા તે વ્યક્તિ અંગે ખાતરી કરી જાણી ન શકાય તો, તે મિલકતની કસ્ટડી અને તેને રજુ કરવા સંબંધમાં મેજિસ્ટ્રેટ પોતાને યોગ્ય લાગે તે હુકમ કરી શકશે.

આમ સદર કાયદાકીય જોગવાઇ મુજબ જ્યારે કોઇ પણ પોલીસ અધિકારી દ્વારા મિલકતની જપ્તીની જાણ મેજીસ્ટ્રેટને કરવામાં આવે અને તપાસ દરમ્યાન આવી મિલકત અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ ન હોય ત્યારે મેજીસ્ટ્રેટને આવી મિલકતના નિકાલ અથવા તો કબ્જા બાબતે યોગ્ય લાગે તેવો હુકમ કરવાની સત્તા આપવામાં આવેલ છે.

આમ ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં સદર નાણાં બેન્ક માં જમા હોય તેથી સદર રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી. તેમજ ભવિષ્યે પણ મુદ્દામાલ ની ઓળખ બાબતની કોઇ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુ માં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિ. ગુજરા રાજ્ય, ૨૦૦૩(૧) જી.એલ.એચ.પાના નંબર ૩૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા પણ ઉપરોક્ત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવા માં આવે છે.

**હુકમ**

અરજદારશ્રી **PANELIYA JAYDEEP PRAVINBHAI** ની અરજી આથી BNSS કલમ ૫૦૩ હેઠળ આથી મંજુર કરવામાં આવે છે.

- અરજદારને સદર ગુનાના કામે અલગ અલગ ત્રણ બેન્કો સીઝ કરવામાં આવેલ કુલ રોક્ડ રકમ રૂ. **40000/-** પુરાની દોઢી રકમના જાત જામીન (બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.
- વધુમાં હુકમ કરવામાં આવે છે કે, અરજદાર દ્વારા હુકમ મુજબના જાત જામીન તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પોલીસ અધિકારી દ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ ફરીયાદી તથા જેમાં નાણાં સીઝ થયેલ છે તે બેન્કને કરવી અને જે બેન્કમાં નાણાં ફીઝ થયેલ છે તે બેન્ક

| અ.નં | બેંકનું નામ | ખાતા નંબર | ફ્રિઝ રકમ |
|---|---|---|---|
| 1 | Bank of Baroda | 09020200001357 | 40000 |

માં રૂ. **40000/-** જમા છે તે રકમ અરજદાર ખાતુ ધરાવતી બેન્ક HDFC Bank ના ખાતા નંબર 50100398468050 માં જમા કરાવી અત્રેની અદાલતને જાણ કરવી.

- સદર તકરારી નાણાં બાબતે શંકાસ્પદ ખાતાના ધારક કોઇ કાર્યવાહી કરે તો અરજદારે સદર રકમ પરત જમા કરાવવી.

સુરત.

તારીખ-:

૧૪ માં એડી. સીની. સિવિલ જજ અને

એ.સી.જે.એમ.,સુરત

To,
The Pol
KATA
Sura

Scanned with OKEN Scanner